# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

1) **રાજ્યની ચાર સહિત રાજ્યસભાની 24 બેઠકો પર ચૂંટણી જાહેર**
2) **ભુજથી દિલ્હી માટેની નવી એક્સપ્રેસ ટ્રેનનો આજથી પ્રારંભ**
3) **અમદાવાદ હવાઈમથક પરથી 20 કરોડથી વધુનો માદક પદાર્થ પકડાયો**
4) **સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના બે દિવસ કમોસમી વરસાદની આગાહી**
5) **નવસારીના ગણદેવીની કશિશ રાઠોડની એશિયન ગેમ્સ માટે પસંદગી**

..................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJYASABHA ELECTION

રાજ્યની ચાર સહિત દેશની 24 રાજ્યસભાની બેઠકો પર દ્વિવાર્ષિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં રામ મોકરિયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ 21 જૂને પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે 18 જૂને મતદાન થશે. જ્યારે તે જ દિવસે સાંજે પાંચ વાગ્યે મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા પ્રમાણે પહેલી જૂને ચૂંટણીનું જાહેરનામું બહાર પડશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 8 જૂન રહેશે જ્યારે 11 જૂન સુધી ઉમેદવાર પત્રો પરત ખેંચી શકાશે.

# BHUJ EXPRESS TRAIN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ભુજથી દિલ્હી માટેની નવી એક્સપ્રેસ ટ્રેનનો આજથી પ્રારંભ થયો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કચ્છને નવી દિલ્હી સાથે જોડતી સીધી રેલ સેવાની ભેટ તેમજ તાજેતરમાં અમદાવાદ ધોલેરા સેમી હાઇ સ્પીડ પ્રોજેક્ટ મંજૂરીની ભેટ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, ભારતીય રેલ એ પરિવહનની એક મહત્વપૂર્ણ કડી છે અને પ્રધાનમંત્રીના નેતૃત્વ ગત 12 વર્ષમાં રેલવેનો મોટાપાયે કાયાકલ્પ થયો છે. આ પ્રસંગે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામશ્રય પાંડેએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : રામશ્રય પાંડે)

# CM – RUSSIAN GENERAL MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રશિયન ફેડરેશનના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ ઇવાન ફેતિસોવે સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. તેઓએ આ બેઠકમાં ગુજરાત સાથે મેરી ટાઈમ , શીપ બિલ્ડિંગ અને શિક્ષણ ક્ષેત્રે સહભાગિતા અને સંકલન માટે તત્પરતા દર્શાવી હતી. સાથે જ રશિયામાં સેન્ટ પિટર્સબગમા યોજનારી બિઝનેસ સમિટમાં જોડાવા મુખ્યમંત્રીને આમંત્રણ અપાયું હતું . તો મુખ્યમંત્રીશ્રીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે રશિયાનું ડેલિગેશન મોકલવા માટે પણ નિમંત્રણ પાઠવ્યું હતું.

# PETROL SHORTAGE - DWARKA

દેવભૂમિ દ્વારકામાં સંભવિત પેટ્રોલ ડિઝલની અછતને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં ભરવામાં આવી રહ્યા છે. ખંભાળિયા મામલતદાર દ્વારા પેટ્રોલ પંપ સંચાલકો સાથે બેઠક કરી બેરલમા ડીઝલ ભરાવવા આવતા ખેડૂતો માટે આધારકાર્ડ , સાત બારની નકલ , તેમજ ટ્રેક્ટરની આર . સી બુક રજૂ કરવા અપીલ કરવામાં આવી છે. આ દસ્તાવેજની ખરાઈ થયા બાદ જ ખેડૂતને વધુમાં વધુ 200 લિટર જેટલું ડીઝલ આપવામાં આવશે.

## ( બાઇટ : મામલતદાર ખંભાળિયા )

પરંતુ બીજી તરફ , ખેડૂતના દસ્તાવેજમાં સ્પેલિંગમાં ભૂલ અથવા જુના રેકોર્ડ હોવાના કારણે ચકાસણીમાં મુશ્કેલી પણ ઉભી થઈ રહી છે. પેટ્રોલ પંપ પર કલાકો સુધી રાહ જોયા બાદ પણ કેટલાંક ખેડૂતોને ડીઝલના મળતા નારાજગી જોવા મળી રહી છે.

આ સાથે જ કચ્છમાં ઇંધણનો પૂરતો જથ્થો જાળવી રાખવા કચ્છ કલેકટર દ્વારા બેઠકમાં સરકારની ગાઈડલાઇન અનુસાર ડિઝલનું સુચારું વિતરણ થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અમરેલીમાં પણ પેટ્રોલ ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ જિલ્લા પુરવઠા અધિકારીએ અફવાઓથી દૂર રહવા નાગરિકોને અપીલ કરી

# SURAT ECO CELL

સુરત આર્થિક ગુના નિવારણ શાખાએ અંકલેશ્વરમાં નકલી યસ બેંક ખાતા સાથે સંકળાયેલા 4 કરોડ રૂપિયાના જમીન છેતરપિંડીના કેસમાં આરોપી અસ્મત ખાનની ધરપકડ કરી હતી. ACP જી.એ. સરવૈયાએ જણાવ્યું હતું કે આરોપીઓએ બેંક કર્મચારીઓ અને મુખ્ય આરોપી રવિ કોલડિયા સાથે મળીને NRI જમીનમાલિકોની નકલી સહીઓ કરી, બોગસ ખાતું ખોલાવ્યું અને ચેકની રકમનો વ્યક્તિગત ઉપયોગ કર્યો હતો.

## (બાઇટ : જી.એ. સરવૈયા, ACP)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AHMEDABAD MADAK PADARTH

અમદાવાદ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પરથી થાઇ એરવેઝમાં આવેલાં મુસાફર પાસેથી 20 કિલોથી વધુ માદક પદાર્થનો જથ્થો પકડાયો છે. આંતર રાષ્ટ્રીય બજાર કિંમત પ્રમાણે ગાંજાના એક કિલોની એક કરોડ કિંમત આંકવામાં આવે છે. જેથી આ 20 કિલોથી વધુ જથ્થાંની કિંમત 20 કરોડથી વધુ માનવામાં આવે છે.

દિલ્હીથી બેંગકોક જઇને માદક પદાર્થના જથ્થા સાથે અમદાવાદ આવેલાં ઉત્તર પ્રદેશના મુસાફરને સીમા શુલ્ક વિભાગે ઝડપી પાડ્યો હતો. આ ધરપકડ પામેલાં આરોપીને વધુ તપાસ માટે **DRI**ને સોંપાયો છે. **DRI**એ આરોપી અંગત શ્રીવાસ્તવ આ જથ્થો કયાંથી, કોની પાસેથી લઇને આવ્યો હતો અને તે કોને આપવા લાવ્યો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# KEDUT – E KYC

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ મેળવવા વાર્ષિક E– કેવાયસી ની પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી. ગુજરાતના તમામ ખેડૂતોને આગામી 30 જૂન સુધી આ પ્રક્રિયા પૂર્ણ કરવી લેવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે. લાભાર્થીઓ ફેસ ઓથેન્ટિકેશન , બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન અથવા પીએમ કિસાન મોબાઈલ એપ મારફતે સરળતાથી E – કેવાયસીની પ્રક્રિયા કરી શકે છે. ઉલ્લેખનીય છે કે , યોજનાના નિયમમાં ફેરફાર કરાતા સહાય માત્ર એવા જ લાભાર્થીને મળશે જેમણે E –કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરી હશે.

# RAJBHASHA GAURAV PURASKAR

હિન્દીમાં મૌલિક પુસ્તક લેખન અને અનુવાદને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજભાષા ગૌરવ પુરસ્કાર યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના હેઠળ વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્ર , કાયદો અને સુરક્ષા , સંસ્કૃતિ અને કળા ક્ષેત્ર , શ્રેણી અને અનુવાદિત પુસ્તક માટે પુરસ્કાર આમ કુલ 5 શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવશે. આ યોજના હેઠળ પ્રથમ શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર 2 લાખ રૂપિયા જ્યારે અન્ય શ્રેણીના પ્રથમ પુરસ્કારને 1 લાખ 50 હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અન્ય ઇનામો પણ જાહેર કરાયા છે. આ માટે પુસ્તક નિર્ધારિત વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલું અને ઓછામાં ઓછું 100 પેજનું હોવું જરૂરી છે.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક ભાગોમાં આજે અને આવતીકાલે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ગીર સોમનાથ , અમરેલી , નવસારી , તાપી , ડાંગ , ભાવનગર , વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

જો કે, છેલ્લા 24 કલાકમાં રાજ્યના દરેક શહેરમાં મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. જેમાં સૌથી વધુ રાજકોટમાં 43.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું , જ્યારે વેરાવળમાં સૌથી ઓછું 32.8 ડિગ્રી તાપમાન રહ્યું હતું.

દરમિયાન જામનગરના કાલાવાડ પંથકમાં કમોસમી વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસભરના તડકા બાદ બપોરે અચાનક ગાજવીજ સાથે વરસાદ થતા ખેડૂતો ઉનાળુ પાકને લઈ ચિંતામાં મુકાયા હતા.

# ACCIDENTS

રાજ્યમાં આજે અકસ્માત અને વીજ કરંટની અલગ અલગ ઘટનામાં ચાર લોકોના મોત થયા છે, સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના તલસાણા ગામ પાસે ટ્રેક્ટર અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત થયા છે,લખતર તાલુકાના ભાથરિયા ગામના બે વ્યક્તિ મોપેડ પર શાહપુરથી પોતાના ગામ પરત આવી રહ્યા હતા ત્યારે ટ્રેક્ટર સાથે અકસ્માત સર્જાયો હતો,જેમાં બંનેના મોત થયા હતા. જ્યારે પંચમહાલના હાલોલમાં વીજ કરંટ લાગતાં બેના મોત થયા હતા. પાટિયાના મુવાડા વિસ્તારમાં રૂમ સાથે જોડાયેલા લોખંડના સળિયામાં વીજ કરંટ ઉતરતા બંને યુવકોને કરંટ લાગ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# NAVSARI – POWERLIFTING

નવસારીના ગણદેવી તાલુકાની કશિશ રાઠોડ કુલ 327.5 કિલોગ્રામ વજન ઊંચકીને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ છે. કશીષે સ્કોટમાં 132.5 કિલો વજન ઊંચકીને સુવર્ણ , બેન્ચ પ્રેસમાં 55 કિલો અને ડેડ લીફ્ટમાં 140 કિલોગ્રામ વજન ઊંચકી કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. આમ કુલ 327.5 કિલોગ્રામ વજન ઉચકીને કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થવાનો માર્ગ મોકળો કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, નોંધનીય છે કે, આ સ્પર્ધાઓ માટે ક્વોલિફાય થવા માટે 325 કિલોગ્રામ વજન ઉચકવાનો નિર્ધારિત માપદંડ હોય છે.

# RRU

ગાંધીનગરની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આગામી 29 થી ચોથી આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ 2026નું આયોજન કરાયું છે. જેમાં 27 રાજ્યનું પ્રતિનિધિત્વ કરતાં 2 હજારથી વધુ ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

અત્યાર સુધીમાં 780 થી વધુ રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. યજમાન ગુજરાતમાંથી પણ 105 જેટલા ખેલાડીઓએ આ સ્પર્ધા માટે નોંધણી કરાવી છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના અધિકારી ડૉ. ધર્મેશકુમાર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ખાસ કરીને દિવ્યાંગ ખેલાડીઓ માટેની પેરા આર્મ રેસલિંગ આ ઇવેન્ટને વધુ પ્રેરણાદાયી બનાવશે.

આ અંગે વધુ માહિતી આપે છે રમત ગમત તાલીમ અધિકારી કલ્પેશ શર્મા

**( બાઇટ : કલ્પેશ શર્મા )**

# VALSAD SWIMING

વલસાડના વાપીના 5 વર્ષીય બાળકે માત્ર 2 મિનિટ 30 સેકંડમાં 44.8 મીટર સ્વિમિંગ પૂર્ણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. દૈવીત શાહે ઓછા સમયમાં વધુ અંતર કાપવાનો રેકોર્ડ પોતાના નામી કરતાં શહેરજનોમાં ખુશી જોવા મળી રહી છે. તેમની મહેનત, આત્મવિશ્વાસ અને ચેમ્પિયન સ્પિરિટ લોકો માટે પ્રેરણરૂપ બની છે.

# BHUJ – BIODIVERSITY PARK

ભુજ ખાતે સ્થાનિક સ્તરે કાર્ય – વૈશ્વિક સ્તરે પ્રભાવ થીમ સાથે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ , ગાઈડ અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં સ્થાનિક કક્ષાએ પર્યાવરણ સંરક્ષણના પ્રયાસ વધારવા નિષ્ણાંતોએ માર્ગદર્શન આપતા કહ્યું કે, જૈવ વિવિધતા એ માનવ જીવનનો અભિન્ન ભાગ છે.

આ તકે કચ્છ કચ્છ વન વર્તુળના વન સંરક્ષક ડૉ. ધિરજ મિત્તલે જણાવ્યું કે, ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ ગુનેરી ઈનલેન્ડ મેન્ગ્રુવ એ પ્રકૃતિની કચ્છને વિશેષ દેન છે. આ દરમિયાન પર્યાવરણ અને જૈવ વિવિધતા સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વિશિષ્ટ વ્યક્તિનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.